SEAT No.__________

[26/G]

**Sardar Patel University** (total pages: 2)

**M.A. Examination / Semester: 1 (Gujarati)**

**Tuesday, Date: 19 /11/24 Time: 10:00 A.M. to 1:00 P.M.**

**Subject code PA01CGUJ51**

**Subject/course Title: અર્વાચીન ગુજરાતી કવિતાનો વિકાસ (Total marks: 70)**

...........................................................................................................

પ્રશ્ન : ૧ વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. (ગુણ : ૧૦)

૧) 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' પુસ્તકના લેખક કોણ છે?

અ) ભોળાભાઈ પટેલ બ) ધીરુભાઈ ઠાકર ક) સુન્દરમ્ ડ) જયંત પાઠક

૨) કઈ વિશેષતાને કારણે અનુગાંધીયુગની કવિતાને 'આંખ,કાન અને નાકની કવિતા' કહેવામાં આવે છે?

અ) રંગદર્શિતા બ) પ્રતીકાત્મકતા ક) સૂરવૈવિધ્ય ડ) ઇન્દ્રિયસંવેદ્યતા

૩) નરસિંહરાવ દિવેટિયાએ કયા પશ્ચિમી સર્જકના પ્રભાવથી ઊર્મિકાવ્યો રચ્યાં?

અ) હેઝલિટ બ) પાલ્ગ્રેવ ક) શેલી ડ) ટેનિસન

૪) 'પ્રેમાનંદની કવિતા ખુશમિજાજી છે જ્યારે મારી કવિતા તો વિચારગ્રસ્ત વૈરાગ્યશાલિની છે.' આ વિધાન કયા કવિનું છે?

અ) દલપત બ) કલાપી ક) નર્મદ ડ) ન્હાનાલાલ

૫) ચંદ્ર માટે 'ચંદા' ઉદ્બોધન કયા કવિની કવિતામાં પ્રથમ જોવા મળે છે?

અ) નરસિંહરાવ દિવેટિયા બ) દલપત ક) નર્મદ ડ) મણિલાલ દ્વિવેદી

૬) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન :૧ 'નર્મદ: અર્વાચીન ગદ્યપદ્યનો પ્રણેતા' પુસ્તક રામનારાયણ પાઠકે રચ્યું છે.

વિધાન :૨ 'નર્મદ : અર્વાચીનોમાં આદ્ય' પુસ્તક કનૈયાલાલ મુનશીનું છે.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાન:૧ સાચું ,વિધાન:૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાન:૨ સાચું

૭) 'ચન્દ્રીએ અમૃત મોકલ્યાં, રે બ્હેન' આ પંક્તિ ન્હાનાલાલના કયા કાવ્યની છે?



[PTO]

અ) શરદપૂનમ  બ) ફૂલડાં કટોરી  ક)  ગિરનારને ચરણે  ડ) વસંતગીત

૮) નીચેનામાંથી કયું કાવ્ય 'ન્હાનાલાલ મધુકોષ'માં સંપાદિત નથી?

અ) ગુજરાતનો તપસ્વી  બ) તાદાત્મ્ય ક) હરિનાં દર્શન  ડ) ધૂમકેતુનું ગીત

૯) નીચેનામાંથી કયું લક્ષણ ગાંધીયુગની કવિતાનું નથી?

અ) દાર્શનિક વૈવિધ્ય બ) સરળ ભાષા  ક) સમાજાભિમુખતા  ડ) સામ્યવાદી વલણ

૧૦) નીચેનામાંથી કયા કવિ પંડિતયુગના નથી?

અ) કાન્ત  બ) કલાપી  ક) બ.ક.ઠાકોર  ડ)  સુંદરજી બેટાઈ

પ્રશ્નઃ  ૨ અર્વાચીન ગુજરાતી કવિતા મધ્યકાલીન ગુજરાતી કવિતાથી વિષયવસ્તુ અને અભિવ્યક્તિની દ્રષ્ટિએ કઈ રીતે જુદી પડે છે તે જણાવો.

(ગુણ : ૧૫)

**અથવા**

અનુગાંધીયુગની  કવિતાને ઘડનારાં પરિબળો અને લક્ષણો જણાવો.

પ્રશ્નઃ ૩'પંડિતયુગમાં વિવિધ કાવ્યસ્વરૂપોનો ઉદ્‌ભવ-વિકાસ થયો છે' આ વિધાનની સમીક્ષા કરી પંડિતયુગની વિકાસરેખા જણાવો

( ગુણ : ૧૫ )

**અથવા**

'ગાંધીયુગની કવિતામાં માત્ર ગાંધી પ્રભાવ ઝીલાયો છે' આ વિધાનની સમીક્ષા કરી  ગાંધીયુગની કવિતાની વિકાસરેખા જણાવો.

પ્રશ્ન : ૪ 'નર્મદ અર્વાચીનોનો આદ્ય છે'- આ વિધાન અંગે તમારું મંતવ્ય જણાવી નર્મદનાં કાવ્યોનું મૂલ્યાંકન કરો.

( ગુણ : ૧૫ )

**અથવા**

નર્મદનાં કાવ્યોની ભાવ, ભાષા અને અભિવ્યક્તિને આધારે સમીક્ષા કરો.

પ્રશ્ન : ૫ 'ન્હાનાલાલ મધુકોષ' માં સંગ્રહિત કાવ્યોને આધારે ન્હાનાલાલની કવિપ્રતિભાનું મૂલ્યાંકન કરો.

( ગુણ : ૧૫ )

**અથવા**

ટૂંક નોંધ લખો.  (બન્ને)

૧) ન્હાનાલાલનાં ઈશ્વરભકિત અને રાષ્ટ્રભકિતનાં કાવ્યો   ૨) ન્હાનાલાલનાં પ્રણયકાવ્યો

X